# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-09-2026 EVENING: 7.10 TO 7.20**

**Day : THURSDAY Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સમરસતા અભિયાન અંતર્ગત વિવિધ પ્રકલ્પ માટે 231 કરોડથી વધુની રકમ ફાળવવા સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

2) રાજ્યમાં ખોરાકમાં ભેળસેળ કરનારા કોઈ પણ વ્યક્તિને સાંખી નહીં લેવાય તેવી આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાની સ્પષ્ટ ચેતવણી.

3) ભારતની ચૂંટણી વ્યવસ્થા વિશ્વની સૌથી મોટી લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ અમદાવાદમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરનું નિવેદન.

4) રાજ્યમાં ગત પંચ વર્ષમાં પોક્સો કેસમાં એક હજાર 785 ચૂકાદા, 908 ગુનેગારને આજીવન કેદ અને 16 આરોપીને ફાંસીની સજા અપાઈ.

5) રાજ્યમાં આગામી 16 તારીખ સુધી વરસાદની આગાહી –દક્ષિણ ગુજરાતમાં 13 તારીખે ઑરેન્જ અલર્ટ.

6) 20મી એૅશિયન ગેમ્સ માટે પસંદગી પામેલી ભારતીય તરવૈયા ખેલાડીઓની ટીમને અમદાવાદથી વિદાય અપાઈ.

----------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM STATEMENT IN ASSEMBLY

**વિધાનસભાના ચોમાસું સત્રના આજે બીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિયમ 44 અંતર્ગત ગૃહમાં નિવેદન આપતા સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજ્યમાં વિવિધ પ્રકલ્પ માટે 231 કરોડ રૂપિયાથી વધુની રકમ ફાળવવા સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. વિધાનસભા પરિસરમાં પત્રકારો સાથેની વાતચીતમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ અંગે વધુ માહિતી આપી.**

**(BYTE: DR. PRADYUMAN VAJA, EDUCATION MINISTER)**

*(તો સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત ડોક્ટર બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ભવન જે રાજ્ય સ્તરે 40 કરોડ જેટલા આશરે અંદાજિત કિંમતનું ભવન જેમાં શિક્ષણ, હોસ્ટેલ, લાઇબ્રેરી, સ્પર્ધાત્મક ક્લાસીસ વગેરેની વ્યવસ્થા હોય. તાલુકા દીઠ એક સમરસ ભવન તથા લાઇબ્રેરી બનાવવાનું કામ તે બદલ ગુજરાત રાજ્યની સમગ્ર જનતા વતી હું આભાર અને આનંદ વ્યક્ત કરું છું.)*

# GUJARAT BILLS PASSED

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે ગુજરાત પશુધન આહાર, મરઘાં ચણ અને ખનીજ મિશ્રણ વિધેયક 2026 અને રાજ્યમાં GST કાયદામાં સુધારા માટેનું વિધેયક પસાર કરાયું.

# VIDHANSABHA JUSTICE KARIYA COMMITTEE

રાજ્યમાં જસ્ટિસ કારિયા સમિતિ દ્વારા પહેલી ઑગસ્ટ 2024થી 31 જુલાઈ 2026 સુધીમાં કુલ 75 જેટલા ખોટા આદિજાતિ પ્રમાણપત્ર રદ કરાયા. વિધાનસભા ગૃહમાં આ અંગે જવાબ આપતા આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે કહ્યું, સાચા આદિવાસીઓનો હક કોઈ છીનવી ન લે તે માટે સરકાર કટિબદ્ધ છે. ઉપરાંત ગાંધીનગર બે વિશ્લેષણ સમિતિ સમક્ષ આવેલી કુલ એક હજાર 776 અરજીમાંથી 619 અરજીનો નિકાલ કરાયો.

# VIDHANSABHA PANSHERIYA CHETAVANI

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ રાજ્યમાં ખોરાકમાં ભેળસેળ કરનારા કોઈ પણ વ્યક્તિને સાંખી નહીં લેવાય તેવી સ્પષ્ટ ચેતવણી આપી. વિધાનસભા ગૃહમાં એક પ્રશ્નના જવાબમાં શ્રી પાનશેરિયાએ કહ્યું, રાજ્યમાં ઍનાલૉગ એટલે કે, નકલી કે કૃત્રિમ પનીરના ઉત્પાદન, વેચાણ અને પરિવહન પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવાયો. તેના કારણે રાજ્યની મૂળ અને પ્રમાણભૂત સહકારી ડેરીઓના પનીર, ચીઝ અને માખણનું વેચાણ વધ્યું છે.

તાજેતરમાં ઊંઝામાં વરિયાળી અને જીરુંમાં રંગનું મિશ્રણ કરતા પાંચ કારખાનાને તાળા લગાવાયા છે. તેમજ ગત છ મહિનાથી રાજ્યવ્યાપી કડક ઝૂંબેશ અંતર્ગત સબ-સ્ટાન્ડર્ડ એટલે કે, નબળી ગુણવત્તા અને અસુરક્ષિત ખાદ્યપદાર્થો સામે અદાલત સુધીની કાર્યવાહી કરવામાં આવી હોવાનું પણ શ્રી પાનશેરિયાએ ઉમેર્યું.

# VISAVADAR BYPASS ROAD GRANT

રાજ્ય સરકાર દ્વારા જુનાગઢના વિસાવદર માટે બાયપાસ રોડના કામના પહેલા તબક્કાના કામ માટે 20 કરોડ રૂપિયા મંજૂર કરાયા. સત્તાવાર યાદી મુજબ, વિસાવદર શહેર ફરતે બગસરા, જેતપુર રાજ્ય રાજમાર્ગથી વિસાવદર, સતાધાર, સાસણગીર રાજ્ય રાજમાર્ગ સુધી બાયપાસ રોડ એટલે કે, ગામની બહારથી પસાર થતા માર્ગના નિર્માણના બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓ માટે આ રકમ મંજૂર કરવામાં આવી. જમીન સંપાદન, યુટિલિટી શિફ્ટિંગ એટલે કે, ઉપયોગિતાઓનું સ્થળાંતરણ, વિગતવાર પરિયોજના અહેવાલ – DPR વગેરે કામગીરી માટે આ રકમ ઉપયોગમાં લેવાશે.

વિસાવદર શહેરી વિસ્તારમાં રહેતા પુષ્કળ ટ્રાફિક ભારણને હળવું કરવા વિસાવદર ફરતે બાયપાસ રોડની જરૂરિયાતની રજૂઆતને લઈ આ મંજૂરી અપાઈ.

# CEO GYANESH KUMAR AMD VISIT

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું, ભારતની ચૂંટણી વ્યવસ્થા વિશ્વની સૌથી મોટી લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ છે. આજે અમદાવાદમાં  અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન – AMA ખાતે "વિશ્વના સૌથી મોટા લોકશાહી ભારતમાં ચૂંટણીઓના આયોજન" વિષય પર પ્રબુદ્ધ નાગરિકો સાથે વિશેષ સંવાદ દરમિયાન તેમણે આ વાત કહી.  શ્રી કુમારે ભારતીય ચૂંટણી પ્રણાલીની મજબૂતી અને પારદર્શકતા પર ભાર આપ્યો. તેમણે કહ્યું, ભારતની ચૂંટણી વ્યવસ્થાને વિશ્વની સૌથી મોટી લોકશાહીને સફળતાપૂર્વક ધબકતી રાખતી વિશાળ અને પારદર્શક વ્યવસ્થા ગણાવી. દેશમાં બંધારણ, ચૂંટણી કાયદા અને ભારતના ચૂંટણી પંચની સૂચનાઓના કડક પાલન સાથે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાય છે.

(BYTE: GYANESH KUMAR, CHIEF ELECTION COMMISSIONER OF INDIA)

*(अभी अहमदाबाद मैनेजमेंट एसोसिएशन के मेंबर्स के साथ संवाद हुआ और हम लोगों ने चुनाव आयोग की जो प्रक्रिया होती है, वह कितनी बड़ी होती है और कितनी पारदर्शी होती है, इसके ऊपर सारे सदस्यों के साथ संवाद किया। गुजरात के सभी मतदाताओं की जानकारी के लिए भारत में मतदाता सूची हर बूथ बी.एल.ओ. बनाते हैं, जो कि साधारणतया स्टेट गवर्नमेंट के एम्प्लॉयज होते हैं और वह इलेक्शन कमीशन के पास डेपुटेशन पर हैं। लेकिन, उस हर सूची का क Concurrent ऑदित नेशनल और स्टेट पॉलिटिकल पार्टीज के बूथ लेवल एजेंट्स करते हैं।)*

આજથી બે દિવસ અમદાવાદના પ્રવાસે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરે અગાઉ અડાલજની વાવ અને સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી.

# POCSO VERDICT FIVE YEARS

રાજ્યમાં જાતીય અપરાધોથી બાળકોના રક્ષણ અધિનિયમ – પોક્સો કેસમાં ગત પાંચ વર્ષમાં એક હજાર 785 ચુકાદા, 908 ગુનેગારને આજીવન કેદ અને 16 આરોપીને ફાંસીની સજા અપાઈ છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, માત્ર ઑગસ્ટ મહિનામાં 48 પોક્સો કેસમાં સજાના ચુકાદા આવ્યા તે પૈકી 35 ગુનેગારને આજીવન કેદની સજા અપાઈ. તેમણે કહ્યું, સરકારનો સ્પષ્ટ સંકલ્પ છે કે, આવા ગુનેગારોને સમાજમાં દાખલો બેસે તેવી કડકમાં કડક સજા અપાવીને જ ઝંપીશું.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

*(241 આરોપીઓને આજીવન કેદ, બે ગુનેગારોને ફાંસીની સજા અપાવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. હજી પણ આ જ પ્રકારે પાછળ પડીને એક એક ગુનાઓનો ઉકેલ કઈ રીતે આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા કાર્ય થઈ રહ્યું છે અને ભવિષ્યમાં પણ પાછળ પડીને એક પછી એક તમામ ગુનાઓમાં સજા અપાવવા માટે કાર્ય ચાલુ રહેશે.)*

# KACHCHH GHAS VITARAN

કચ્છમાં ઘાસચારાની જરૂરિયાતને પહોંચી વળવા સક્રિય કામગીરી ચાલી રહી છે. વિલંબિત વરસાદની પરિસ્થિતિ વચ્ચે જિલ્લાના માલધારીઓ અને પશુઓને ઘાસ અને પીવાના પાણી મુદ્દે કોઈ મુશ્કેલી ન પડે તે માટે આ કામ કરવામાં આવી રહ્યું છે. આ અંગે અધિક કલેક્ટર પ્રણવ વિઠાણીએ વધુ માહિતી આપી.

**(BYTE: PRANAV VITHANI, ADDITIONAL COLLECTOR)**

*(હાલની વર્ષા ઋતુમાં નોંધપાત્ર વરસાદ ન થવાને કારણે ઘાસની જરૂરિયાતને પહોંચી વળવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 52 જેટલા ઘાસડેપો શરૂ કરવામાં આવેલા છે, જ્યાંથી 27,750 જેટલા ઘાસ કાડોનું વિતરણ કરી દેવામાં આવેલ છે અને આજ દિન સુધી 17,35,000 કિલો જેટલું ઘાસચારાનું વિતરણ કરી દેવામાં આવેલ છે.)*

# VIDHANSABHA KACHCHH RANN UTSAV

વિશ્વ પ્રસિદ્ધ કચ્છ રણ ઉત્સવમાં વર્ષ 2025-26માં 10 લાખ 41 હજારથી વધુ સહેલાણીઓએ મુલાકાત લીધી. વિધાનસભા ગૃહમાં આ માહિતી આપતા પ્રવાસન રાજ્યમંત્રી ડૉક્ટર જયરામ ગામીતે કહ્યું, 10 લાખ 39 હજારથી વધુ સ્થાનિક અને બે હજાર 178 વિદેશી પ્રવાસીએ રણોત્સવની મુલાકાત લીધી. તેના કારણે સ્થાનિક કલાકારો અને સખીમંડળોની આવક છ કરોડ 99 લાખ રૂપિયાથી 12 કરોડ 11 લાખ રૂપિયા સુધી પહોંચી છે. સાથે જ રણોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં હાજરી આપનારા પ્રવાસીઓની સંખ્યામાં 45 અને ક્રાફ્ટ સ્ટોલના મુલાકાતીઓની સંખ્યામાં 77.96 ટકાનો વધારો નોંધાયો.

# EVE STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી 16 તારીખ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. 12થી 14 તારીખ વચ્ચે નવી વરસાદી પ્રણાલી સક્રિય થતા ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. 12 તારીખે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ થઈ શકે છે. જ્યારે 13 તારીખે દક્ષિણ ગુજરાતમાં ઑરેન્જ અલર્ટ અપાયું હોવાનું હવામાન વિભાગ અમદાવાદના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

***(10 से लेकर 16 सितंबर तक इसमें हल्का से मध्यम बरसात का संभावना रहेगा। इसमें 12 तारीख से हम गुजरात रीजन में हैवी रेनफॉल दे रहे हैं आइसोलेटेड प्लेसेस में। इसमें जो हैवी रेनफॉल वार्निंग दिया गया है 12 सितंबर के लिए– वडोदरा, छोटा उदयपुर, नर्मदा, भरूच, सूरत, डांग, नवसारी, वलसाड, तापी, दमन, दादरा नगर हवेली के लिए येलो वार्निंग के साथ दिया गया है।)***

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

**DESK**

# INDIAN TEAM FOR ASIAN GAMES

જાપાનમાં આગામી 19 તારીખથી યોજાનારી 20-મી એશિયન ગેમ્સ માટે પસંદગી પામેલી ભારતીય તરવૈયા ખેલાડીઓની ટીમને અમદાવાદથી વિદાય અપાઈ. આ સમારંભ દરમિયાન હેડ કૉચ પ્રદીપ કુમારે કહ્યું, વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે રાષ્ટ્રીય તાલીમ શિબિર દરમિયાન ખેલાડીઓએ શારીરિક અને માનસિક રીતે સખત મહેનત કરી છે અને ટીમ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપીને ફાઈનલ્સમાં પહોંચવા તથા દેશ માટે ચંદ્રક જીતવા સંપૂર્ણ સજ્જ છે.

જ્યારે ટીમના સુકાની સાજન પ્રકાશે ઉત્તમ સુવિધાઓ અને સતત પ્રોત્સાહન પૂરું પાડવા બદલ આયોજકોનો આભાર માનીને એશિયન ગેમ્સમાં દેશનું નામ રોશન કરવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.